છગનલાલ મોતીરામ શાહ કૃત

—: ત્રીજા ધોરણ માટે ગુજરાત શાળાપત્રમાં છાપેલી :—

"ગુજરાતની સામાન્ય ભૂગોળ" ની

પ્રશ્નોત્તરમાળા.

ત્રીજા ધોરણનો
મુખગણિતશિક્ષક
અઢી આના.

જુલાઇ
સને ૧૯૨૮.
કિંમત રૂ. ૦-૩-૦
પોસ્ટેજ જુદું.
સર્વ હક્ક સ્વાધીન.

ત્રીજી ચોપડીનો
'ડિક્ટેશન શિક્ષક'
ત્રણ આના.



છગનલાલ મોતીરામ શાહ.
'મુખગણિત શિક્ષક' વગેરેના કર્તા. શાહપોર—સુરત.

— ત્રીજા ધોરણના —

વિદ્યાર્થીઓ તેમજ શિક્ષકોને ખાસ ઉપયોગી

અદ્યાપિ બહાર ન પડેલી એવી

ત્રીજા ધોરણ માટે ગુજરાત શાળાપત્રમાં આપેલી

—: "ગુજરાતની સામાન્ય ભૂગોળ"ની :—

પ્રશ્નોત્તરમાળા.

રચનાર:—છગનલાલ મોતીરામ શાહ.

"સુખગણિત શિક્ષક" "ભૂગોળ શિક્ષક" પ્રશ્નોત્તરમાળા

"ડિકટેશન શિક્ષક" વગેરેના કર્તા.

રચનારનું ઠેકાણું—શાહપોર—સુરત.

પ્રસિદ્ધ કર્તા—છગનલાલ મોતીરામ શાહ.

પ્રસિદ્ધ કરવાનું ઠેકાણું—શાહપોર—સુરત.

છાપનાર—નારાયણરાવ લક્ષ્મણરાવ નીકમ.

છાપવાનું ઠેકાણું—"શંકર" પ્રીન્ટીંગ પ્રેસ, ચૌટાબ્રીજ—સુરત.

સંવત ૧૯૮૪] આવૃત્તિ ૬ ઠ્ઠી. [સને ૧૯૨૮

કિંમત રૂ. ૦-૩-૦ (પોસ્ટેજ જુદું.)

૧૪૨૨૦

પ્રસ્તાવના.

ઉત્તર વિભાગ અને ગુજરાતની સામાન્ય ભૂગોળને માટે કેળવણી ખાતા તરફથી એક સંક્ષિપ્ત ચોપાનીઉં પ્રકટ થયું છે. તેમાં ભૂગોળના વિષયમાં ત્રીજા ધોરણમાં કઈ કઈ હકીકતો શીખવવા યોગ્ય છે, તેની માર્ગદર્શક રૂપરેખા ચીતરવામાં આવી છે. તે હકીકતોને વિસ્તૃત કરી રસયુકત શિક્ષણ આપવાનું કામ શિક્ષકોનું છે, એમાં સફળતા પ્રાપ્ત થવી, એ શિક્ષકની તે વિષયની જ્ઞાન પ્રાપ્તિ અને શિક્ષણ શૈલી ઉપર આધાર રાખે છે. આ ઉપરથી સદરહુ ચોપાનીઆમાં જેટલા મુદ્દા સમાવેલા છે, તે દરેક મુદ્દાને લગતા પ્રશ્ન આપી તેના યથાયોગ્ય અને સંક્ષિપ્ત ખુલાસા મળે એવા ઉત્તર સાથે સાથે આ બુકમાં આપ્યા છે; અને છેવટે આખા વિષયના પુનરાવર્તનમાં બહુ અગત્યના પ્રશ્નો માત્ર આપ્યા છે. વળી દરેક જિલ્લા અને એજન્સિના વિશેષ જ્ઞાન માટે તે ભાગમાં પરીક્ષક સાહેબો જેવા જેવા પ્રકારનું ઉત્તમ જ્ઞાન અપાવવા ઇચ્છી પ્રશ્નો પૂછે છે, તેવા ઘણા પ્રશ્નો અતિ પ્રયાસથી મેળવી આપવામાં આવ્યા છે. આથી મને આશા છે કે આ બુક ત્રીજા ધોરણ ઉપરાંત ચોથા ધોરણને અને મિડલસ્કુલ સ્કોલરશિપ પરીક્ષાના વિદ્યાર્થીઓને પણ અતિ ઉપયોગી થઈ પડશે. એજ.

તા. ૨૭-૬-૧૯૧૫   આવૃત્તિ છઠ્ઠી.   તા. ૧-૭-૧૯૨૮.

લિ૦ સેવક,

છગનલાલ મોતીરામ શાહ.

"મુખગણિત શિક્ષક" વગેરેના કર્તા. શાહપોર-સુરત.

છગનલાલ મોતીરામ શાહ કૃત.

—ત્રીજા ધોરણ માટે—

"ગુજરાતની સામાન્ય ભૂગોળ"ની

પ્રશ્નોત્તરમાળા

સ. ૧) ગુજરાત પ્રાંતમાં કેટલા જિલ્લા છે ? જ. પાંચ.

સ. ૨) સુરત જિલ્લાની ઉત્તરમાં કયો જિલ્લો આવ્યો ?

જ. ૨) ભરૂચ જિલ્લો.

સ. ૩) ભરૂચ જિલ્લાની ઉત્તરમાં કયો જિલ્લો છે ? જ. ખેડા જિલ્લો.

સ. ૪) ખેડા જિલ્લાની ઉત્તરમાં કયો જિલ્લો છે ?

જ. ૪) અમદાવાદ જિલ્લો.

સ. ૫) અમદાવાદ જિલ્લાની પૂર્વમાં કયો જિલ્લો છે ? જ. ખેડા જિલ્લો.

સ. ૬) ખેડા જિલ્લાની પૂર્વમાં કયો જિલ્લો છે ? જ. પંચમહાલ.

સ. ૭) ગુજરાત પ્રાંતની છેક ઉત્તરમાં, દક્ષિણમાં, પૂર્વમાં અને પશ્ચિમમાં કયા જિલ્લા છે ?

જ. ૭) ઉત્તરમ અમદાવાદ, દક્ષિણમાં સૂરત, પૂર્વમાં પંચમહાલ અને પશ્ચિમમાં અમદાવાદ જિલ્લો

સ. ૮) જિલ્લાનો ઉપરી કોણ ? જ. કલેકટર.

સ. ૯) જિલ્લામાં મુખ્ય કયા કયા અધિકારીઓ છે ?

જ. ૯) કલેકટર, ડિસ્ટ્રિકટ જડજ, પોલીસ સુપરિન્ટેન્ડન્ટ, સિવિલ સર્જન, એક્ઝિક્યુટિવ એન્જિનીઅર ને ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેકટર.

સ. ૧૦) ગુજરાતના જિલ્લા ગણાવો.
જ. ૧૦) સુરત, ભરૂચ, ખેડા, પંચમહાલ ને અમદાવાદ.
સ. ૧૧) ગુજરાત પ્રાંતમાં કેટલા કલેક્ટરો છે? જ. પાંચ.
સ. ૧૨) સુરત જિલ્લાની દક્ષિણમાં કયો જિલ્લો આવ્યો?
જ. ૧૨) થાણા જિલ્લો.
સ. ૧૩) વિભાગ એટલે શું? જ. કમિશનર સાહેબના તાબાનો મુલક.
સ. ૧૪) ગુજરાત પ્રાંત કયા વિભાગમાં આવ્યો?
જ. ૧૪) ઉત્તર વિભાગમાં.
સ. ૧૫) ઉત્તર વિભાગમાં કયા કયા જિલ્લા આવ્યા?
જ. ૧૫) ગુજરાત પ્રાંતના પાંચ જિલ્લા તથા થાણા જિલ્લો.
સ. ૧૬) એજન્સિ એટલે શું? જ. નાનાં દેશી રાજ્યોનો જથ્થો.
સ. ૧૭) એજન્સિમાં અંગ્રેજ સરકાર તરફથી કોણ દેખરેખ રાખે છે?
જ. ૧૭) પોલિટિકલ એજન્ટ.
સ. ૧૮) ગુજરાતની ઉત્તરમાં કઇ મોટી એજન્સિ છે? જ. પાલણપુર.
સ. ૧૯) ઇશાન ખુણામાં કઇ એજન્સિ છે? જ. મહીકાંઠા.
સ. ૨૦) પાલણપુર ને મહીકાંઠા એજન્સિ સિવાય બીજી કઇ કઇ એજન્સિઓ છે?
જ. ૨૦) રેવાકાંઠા ને સુરત એજન્સિ.
સ. ૨૧) કયા જિલ્લાના કલેક્ટર રેવાંકાઠા એજન્સિના પોલિટિકલ એજંટ છે?
જ. ૨૧) પંચમહાલ જિલ્લાના.
સ. ૨૨) સુરત જિલ્લાના કલેક્ટરના તાબામાં કઇ એજન્સિ છે?
જ. ૨૨) સુરત એજન્સિ.
સ. ૨૩) ખેડા જિલ્લાના કલેક્ટરના તાબામાં કયું સંસ્થાન છે?
જ. ૨૩) ખંભાત સંસ્થાન.

સ. ૨૪) થાણા જિલ્લાના કલેકટર ક્યાંના પોલિટિકલ એજંટ છે ?

જ. ૨૪) જવાર સંસ્થાનના.

સ ૨૫) કયા કયા જિલ્લાના કલેકટરો પોલિટિકલ એજંટ છે ?

જ. ૨૫) સુરત, ખેડા, પંચમહાલ ને થાણા જિલ્લાના.

સ. ૨૬) કયા કયા જિલ્લાના કલેકટરો પોલિટિકલ એજંટ નથી ?

જ. ૨૬) ભરૂચ અને અમદાવાદ જિલ્લાના.

સ. ૨૭) કઇ કઇ એજન્સિઓમાં ખાસ પોલિટિકલ એજંટો નીમેલા છે ?

જ. ૨૭) કાઠિઆવાડ, પાલણપુર ને મહીકાંઠા.

સ. ૨૮) ગુજરાતની છેક પશ્ચિમમાં કઇ એજન્સિ આવેલી છે ?

જ. ૨૮) કાઠિઆવાડ એજન્સિ.

સ. ૨૯) કાઠિઆવાડ એજન્સિના પોલિટિકલ એજંટ આપણા કમિશનર સાહેબના તાબામાં છે કે નહિ ? જ. નથી.

સ. ૩૦) ગુજરાતમાં મોટામાં મોટું દેશી રાજ્ય કયું છે ?

જ. ૩૦) ગાયકવાડ સરકારનું.

સ. ૩૧) ગાયકવાડના રાજ્યમાં અંગ્રેજ સરકાર તરફથી કયો અધિકારી રહે છે ? જ. રેસિડંટ.

સ. ૩૨) રેસિડંટ કમિશનર સાહેબના તાબામાં છે કે નહિ ? જ. નથી.

સ. ૩૩) ગુજરાતમાં કમિશનર સાહેબના તાબામાં શું શું છે ?

જ. ૩૩) સુરત, ભરૂચ, ખેડા, પંચમહાલ ને અમદાવાદ એ પાંચ જિલ્લા. મહીકાંઠા, રેવાકાંઠા ને સુરત એ ત્રણ એજન્સિ તથા ખંભાતનું સંસ્થાન.

સ. ૩૪) ઉપર ગણાવ્યા સિવાય કયો જિલ્લો તથા કયું સંસ્થાન કમિશનર સાહેબના તાબામાં છે ?

જ. ૩૪) થાણા જિલ્લો તથા જવાર સંસ્થાન.

સ. ૩૫) ગુજરાત પ્રાંતના કેટલા ભાગ કરેલા છે અને તે કયા કયા?
જ. ૩૫) ૧૨ ભાગ કરેલા છે, સુરત, ભરૂચ, ખેડા, પંચમહાલ ને અમદાવાદ એ પાંચ જિલ્લા; પશ્ચિમ હિંદુસ્તાનનાં રાજ્યોની એજન્સિમાં કાઠિઆવાડ ને પાલણપુર એજન્સિ, મહીકાંઠા, રેવાકાંઠા, ને સુરત એ પાંચ એજન્સિ; ગાયકવાડનો મુલક તથા ખંભાત સંસ્થાન એ બે સંસ્થાનો.

સ. ૩૬) अ. પ્રાંત એટલે શું? ब. સંસ્થાન એટલે શું?
જ. ૩૬) अ. ઘણા જિલ્લા, એજન્સિ મળીને થએલો ભાગ. ब. એક દેશી રાજાનો મુલક.

સ. ૩૭) ગુજરાતમાં રહેનારને શું કહે છે? જ. ગુજરાતી.

સ. ૩૮) ગુજરાતી લોક કઇ ભાષા બોલે છે? જ. ગુજરાતી.

સ. ૩૯) ગુજરાત નામ શા ઉપરથી પડયું? જ. ગુર્જર લોકો ઉપરથી.

સ. ૪૦) अ. આપણો મુલક કયો? ब. આપણી ભાષા કઇ?
જ. ૪૦) अ ગુજરાત. ब. ગુજરાતી.

સ. ૪૧) ગુજરાત પ્રાંતની સીમા કહો.
જ. ૪૧) ઉત્તરમાં આબુથી દક્ષિણમાં દમણગંગા નદી સુધી અને પૂર્વમાં દહોદના પહાડોથી પશ્ચિમમાં દ્વારકા સુધી.

સ. ૪૨) ગુજરાત પ્રાંતની ચારે દિશાએ શું શું આવ્યું?
જ. ૪૨) ઉત્તરે—શિરોહી, મારવાડ વગેરે રજપુત રાજ્યો.
ઇશાને—મેવાડ, ડુંગરપુર, વાંસવાડા વગેરે રજપુત રાજ્યો.
પૂર્વે —માળવા ને ખાનદેશ.
પશ્ચિમે—અરબી સમુદ્ર, કચ્છનો અખાત ને કચ્છનું રણ.

સ. ૪૩) ગુજરાતનો વિસ્તાર તથા લંબાઇ પહોળાઇ કહો.

જ. ૪૩) વિસ્તાર સાઠ હજાર ચોરસ માઈલ. ઉત્તર દક્ષિણ લંબાઈ ૨૦૦ ગાઉ અને પૂર્વ પશ્ચિમ પહોળાઈ ૧૨૦ ગાઉ.

સ. ૪૪) ગુજરાતના કુદરતી કેટલા ભાગ પડે અને તે કયા કયા?

જ. ૪૪) (૧) પશ્ચિમ તરફનો કાઠિઆવાડ; (૨) પૂર્વ તરફ ઉત્તર દક્ષિણનો લાંબો પટો.

સ. ૪૫) ગુજરાતનો કયો કયો ભાગ ઉંચાણમાં છે અને તે તમે શા આધારે કહો છો.

જ. ૪૫) અગ્નિ ખુણાથી ઇશાન ખુણા સુધીનો પૂર્વ તરફનો ભાગ ઉંચો છે, કારણ કે ડુંગરો આવેલા છે, અને એમાંથીજ નદીઓ નીકળી પશ્ચિમ તરફ સમુદ્રને મળે છે તેથી પશ્ચિમ તરફનો ભાગ નીચો છે. વળી ઇશાન ખુણામાંથી બનાસ, સરસ્વતી, મહી વગેરે નદીઓ નીકળી ખંભાતના અખાતને મળે છે. તેથી એ ભાગ ઢાળ પડતો નિચાણ છે. કાઠિઆવાડનો મધ્ય ભાગ ઉંચો છે, કારણ એમાં ડુંગરો આવેલા છે, અને એમાંથી નદીઓ નીકળી ચારે દિશામાં વહે છે તેથી કાઠિઆવાડની આજુબાજુનો ભાગ ઢાળ પડતો નિચાણ છે.

સ. ૪૬) ગુજરાતની કઇ કઇ દિશામાં કયા કયા પર્વતો આવેલા છે? અને કયાં કયાંની જમીન ડુંગરવાળી તથા જંગલવાળી છે?

જ. ૪૬) પૂર્વમાં—રાજપીપળા, પાવાગઢ ને આરાસુર.
ઇશાનમાં—આબુ ને શિરોહિના ડુંગરા.
કાઠિઆવાડના મધ્ય ભાગમાં—ચોટલા, શેત્રુંજો, ગીર, ગીરનાર ને બર્ડા-પર્વત આવેલા છે. તેથી પૂર્વની, ઇશાનની અને કાઠિઆવાડના મધ્ય ભાગની જમીન ડુંગરાળી તથા જંગલવાળી છે.

સ. ૪૭) ગુજરાતમાં કયાં કયાં કઇ ખનીજ પેદાશ થાય છે તે ગણાવો.

જ. ૪૭) **કાઠિઆવાડમાં**-આરસ ને ઘર બાંધવાના પત્થર; **આરાસુરમાં** આરસ; **બર્ડો ને પાવાગઢના ડુંગરમાંથી**-લોઢું; **રાજપીપળાના ડુંગરમાંથી**-અકીક; **છડર ને અમનગરની ખીણમાંથી**-પત્થર; **પંચમહાલમાંથી**-સીસું ને મેંગેનીઝ; **ખારાઘોડામાં**-વરાગડુ મીઠું; ને **ધરાસણામાં**-ધરીકું મીઠું.

સ. ૪૮) ગુજરાતની મોટી નદીઓ ગણાવો. એ નદીઓ ક્યાંથી નીકળી કોને મળે તે તથા એનાપર મોટાં ગામ ક્યાં છે તે કહો.

જ. ૪૮) નર્મદા, તાપી, મહી, સાબરમતી, બનાસ, સરસ્વતી ને ભાદર.

નર્મદા—અમરકંટકના ડુંગરમાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે, એનાપર ચાંદોદ, નાંદોદ, શુકલતીર્થ, તવરા, ભાડભુત ને ભરૂચ.

તાપી—સાતપુડા પર્વતમાંથી નીકળી અરબી સમુદ્રને મળે છે. એનાપર માંડવી, બહુધાન, રાંદેર ને સુરત.

મહી—માળવાના ડુંગરમાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે. એનાપર લુણાવાડા ને ખંભાત.

સાબરમતી—અરવલી ડુંગરમાંથી નીકળી ખંભાતના અખાતને મળે છે. એના પર સાદરા ને અમદાવાદ.

બનાસ—શિરોહના ડુંગરામાંથી નીકળી કચ્છના રણને મળે છે. એના પર ડીસા ને રાધનપુર.

સરસ્વતી—શિરોહના ડુંગરામાંથી નીકળી કચ્છના રણને મળે છે. એના પર સિદ્ધપુર ને પાટણ.

ભાદર—મદાવનના ડુંગરમાંથી નીકળી અરબી સમુદ્રને મળે છે. એનાપર જસદણ, જેતપુર, ધોરાજી ને નવીબંદર.

સ. ૪૯) ઉપર ગણાવ્યા સિવાય બીજી નાની નદીઓ કઈ કઈ છે?

જ. ૪૯) ઢાઢર, વિશ્વામિત્રી, વાત્રક, શેઢી, શેત્રુંજી, મચ્છુ, ફુલકુ ને આજી.

સ. ૫૦) અરબી સમુદ્રને મળનારી નદી કહો. જ. તાપી ને ભાદર.

સ. ૫૧) ખંભાતના અખાતને કઇ કઇ નદી મળે છે?

જ. ૫૧) નર્મદા, મહી સાબરમતી, ઢાઢર ને શેત્રુંજી.

સ. ૫૨) કચ્છના રણને કઇ કઇ નદી મળે છે?

જ. ૫૨) બનાસ, સરસ્વતી, મચ્છુ, ફુલકુ ને આજી.

સ. ૫૩) પવિત્ર નદીઓ કઇ કઇ છે ને તેના પર જાત્રાનાં ધામ કયાં કયાં છે?

જ. ૫૩) તાપી—બહુધાન, અશ્વિનીકુમાર ને ગુપ્તેશ્વર.
નર્મદા—કરનાળી, ચાંદોદ, શુક્લતીર્થ, તવરા ને ભાડભુત.
સરસ્વતી—સિદ્ધપુર.

સ. ૫૪) ગુજરાતમાં જંગલો કયાં કયાં છે?

જ. ૫૪) પૂર્વમાં તથા ઇશાન કોણમાં; અને કાઠિઆવાડમાં ગીરનું.

સ. ૫૫) ગીરના જંગલ વિષે શું જાણવા જેવું છે?

જ. ૫૫) એજ જંગલમાં સિંહ થાય છે, તથા ભેંસો વખણાય છે.

સ. ૫૬) ગુજરાતના છેક ઉત્તર ભાગમાં પાક ઓછો થવાનું કારણ શું?

જ. ૫૬) ઉત્તર ભાગ રણને મળતો છે તેથી.

સ. ૫૭) કાઠિઆવાડની ઉત્તરમાં તથા પાલણપુર એજન્સીની પશ્ચિમમાં કયું રણ છે? જ. કચ્છનું રણ.

સ. ૫૮) ગુજરાતમાં વરસાદ કયાં કયાં વધારે પડે છે ને કયાં કયાં ઓછો પડે છે તે કારણ સાથે સમજાવો.

જ. ૫૮) દક્ષિણ અને પશ્ચિમ કિનારાપર વરસાદ વધારે પડે છે. કારણ કે ભેજવાળો પવન નૈઋત્ય કોણમાંથી ગુજરાતમાં આવે છે તેથી. ગુજરાતના ઉત્તર ભાગમાં વરસાદ ઓછો પડે છે કારણ કે પાસે રણ આવેલું છે, અને ભેજવાળો પવન એટલે દૂર

સુધી જઈ શકતો નથી તેથી.

કાઠિઆવાડમાં વરસાદ ઓછો પડે છે કારણ કે ભેજવાળો પવન એટલે દૂર જઈ શકતો નથી.

સ. ૫૯) દરીઆ કિનારે જેટલો વરસાદ પડે તેટલોજ વરસાદ બીજે કયે ઠેકાણે પડે ? જ. જ્યાં જ્યાં જંગલો પુષ્કળ હોય ત્યાં.

સ. ૬૦) વધારે વરસાદ ક્યાં પડે ? જ. ખીચોખીચ જંગલો હોય ત્યાં

સ. ૬૧) કાઠિઆવાડના કેટલાક ભાગની હવા ઉત્તર ગુજરાત જેવી સુકી હોવાનું કારણ સમજાવો.

જ. ૬૧) કાઠિઆવાડ પહાડી મુલક છે તેથી.

સ. ૬૨) ગુજરાતી કરતાં કાઠિઆવાડી જબરા હોવાનું કારણ શું ?

જ. ૬૨) ગુજરાત રસાળ મુલક છે તેથી થોડી મહેનતે ઘણો પાક થાય છે, અને કાઠિઆવાડ પહાડી મુલક છે તેથી વધારે મહેનતે થોડો પાક થાય છે માટે.

સ. ૬૩) ગુજરાતની પશ્ચિમ તથા નૈઋત્ય તરફ ટાઢ અને તાપ વધુ પડતાં નથી તેનુ કારણ જણાવો.

જ. ૬૩) દરીઆ કિનારો નજીક હોવાથી.

સ. ૬૪) ગુજરાતના પૂર્વ ભાગની હવા શા કારણથી સારી નથી ?

જ. ૬૪) જંગલો આવેલાં છે તેથી.

સ. ૬૫) ગુજરાતના ઉત્તર ભાગમાં ટાઢ ને તાપ વધારે પડવાનું કારણ સમજાવો.

જ. ૬૫) રણ પાસે છે તેથી સુકી હવાને લીધે.

સ. ૬૬) ઇમારતી લાકડું ક્યાં ક્યાં થાય છે ?

જ. ૬૬) ૧. પચમહાલ ને રેવાકાંઠાના જંગલમાં. ૨. ડાંગ, વાંસદા ધરમપુરના જંગલમાં.

સ. ૬૭) જંગલની પેદાશ ગણાવો.
જ. ૬૭) ઇમારતી લાકડું (સાગ, સીસમ, ખેર), વાંસ, બાવળ, લાખ, મધ.
સ. ૬૮) વાંસ વધારે ક્યાં થાય છે.
જ. ૬૮) માંડવી તાલુકામાં તથા ડાંગના જંગલમાં
સ. ૬૯) મહુડાનાં ઝાડ ક્યાં વધારે થાય છે? જ. પંચમહાલમાં.
સ. ૭૦) દરિઆ કિનારે ક્યાં ક્યાં ઝાડ થાય? જ. નાળિએરી ને ખજુરી.
સ. ૭૧) જંગલમાં ક્યાં ક્યાં પ્રાણીઓ થાય છે?
જ. ૭૧) સિંહ, વાઘ, દીપડા, રીંછ, હરણ ને સાબર.
સ. ૭૨) ઘોડા ક્યાંના વખણાય છે? જ. કાઠિઆવાડના.
સ. ૭૩) માછલાં ક્યાંના વખણાય છે? જ. કોલક નદીનાં.
સ. ૭૪) મોતી પાકે એવી માછલીઓ ક્યાં થાય છે?
જ. ૭૪) કચ્છના અખાતમાં નવાનગર પાસે.
સ. ૭૫) સાપની વસ્તી કયા જિલ્લામાં ઘણી છે? જ. પંચમહાલમાં.
સ. ૭૬) ગુજરાતમાં વસ્તી કેટલી છે? કયા લોકની છે? ને તે શા પ્રમાણમાં છે.
જ. ૭૬) પચાણું લાખ માણસની છે. તેમાં પોણા ભાગ કરતાં વધારે હિંદુ એટલે લગભગ ૭૪ લાખ હિંદુ, ૧૭ લાખ મુસલમાન. ૩ લાખ જૈન. પોણો લાખ ખ્રિસ્તી, ને વીસ હજાર પારસી.
સ. ૭૭) ખાલસા મુલકમાં અને દેશી રાજ્યોમાં વસ્તી કેટકેટલી છે? ગાયકવાડી રાજ્યમાં, એજન્સિઓમાં અને પોર્ટુગીઝનાં સંસ્થાનમાં વસ્તી કેટલી છે?
જ. ૭૭) ખાલસા મુલકમાં (જિલ્લાઓમાં) ૩૦ લાખ, દેશીરાજ્યોમાં ૬૫ લાખ. ફક્ત ગાયકવાડી રાજ્યમાં ૨૧ લાખ, એજન્સિઓમાં ૪૪ લાખ; પોર્ટુગીઝના દીવ અને દમણમાં પચાસ હજાર.

સ. ૭૮) ગુજરાતમાં ચાલતા મુખ્ય ધર્મ ગણાવો.

જ. ૭૮) હિંદુ, મુસલમાની, જૈન, પારસી ને ખ્રિસ્તી ધર્મ.

સ. ૭૯) હિંદુ ધર્મના મુખ્ય પંથ કયા કયા છે?

જ. ૭૯) શૈવ, વૈષ્ણવ ને સ્વામીનારાયણ.

સ. ૮૦) अ. સ્વામીનારાયણનો ધર્મ ફક્ત ક્યાં ચાલે છે?
    ब. સ્વામીનારાયણનું મોટું જાત્રાનું મુખ્ય સ્થળ કયું?

જ. ૮૦) अ. ગુજરાતમાં. ब. વડતાલ

સ. ૮૧) પારસીઓનું જાત્રાનું સ્થળ કયું છે?

જ. ૮૧) સુરત જિલ્લાના પારડી તાલુકામાં ઉદવાડા.

સ. ૮૨) શ્રાવક લોકનાં જાત્રાનાં ધામ ગણાવો

જ. ૮૨) આબુ, ગીરનાર, શેત્રુંજો ને પાલિતાણા.

સ. ૮૩) હિંદુઓના મુખ્ય જાત્રાનાં સ્થળ લખો.

જ. ૮૩) દ્વારકા, પ્રભાસપાટણ, અંબાજી, બહુચરાજી, સિદ્ધપુર, પાવાગઢ, ડાકોર, ચાંદોદ, શુક્લતીર્થ, બહુધાન, કુંના.

સ. ૮૪) ગુજરાતના લોકોનો મુખ્ય ધંધો કયો છે? જ. ખેતીનો.

સ. ૮૫) લોકો ખેતી સિવાય બીજા કયા કયા ધંધા કરે છે?

જ. ૮૫) મજુરીનો, કારીગરીનો, ખલાસીનો, વેપારનો, ખાનગી ને સરકારી નોકરીનો.

સ. ૮૬) ગુજરાતમાં કયા કયા ઉદ્યોગો ચાલે છે?

જ. ૮૬) કાપડ વણવાનો; કપાસ લોઢવાનો; તલ. દીવેલી પીલવાનો; ડાંગર ખાંડવાનો; અનાજ દળવાનો; લાકડા વહેરવાનો.

સ. ૮૭) હાથની કારીગરીના ઉદ્યોગ ગણવો.

જ. ૮૭) કસબ, રેશમ ને સુતર વણવાનો; લોઢાનો ને માટીનો સામાન બનાવવાનો; હાથીદાંત તે સુખડના કોતરકામનો.

પ્ર. ૮૮) સુરતમાં કયા કયા ઉદ્યોગો ચાલે છે?

જ. ૮૮) રેશમ, કીનખાબ ને કસબ વણવાનો તથા હાથીદાંત ને સુખડનાં કોતરકામનો

પ્ર. ૮૯) અમદાવાદમાં કયા કયા ઉદ્યોગો ચાલે છે?

જ. ૮૯) સુતરાઉ, રેશમી ને કસબી કાપડ વણવાનો.

પ્ર. ૯૦) ગુજરાત પ્રાંતની ખેતીની પેદાશ ગણાવો.

જ. ૯૦) ઘઉં, બાજરી, ડાંગર, તેલીબીઆં, કઠોળ.

પ્ર. ૯૧) કપાસ કયાં ઘણો થાય છે?

જ. ૯૧) નર્મદાના મુલકમાં; સુરત જિલ્લામાં તથા કાઠિઆવાડમાં.

પ્ર. ૯૨) ઘઉં કયાં કયાં થાય છે? જ. ૯૨) હાંસોટમાં, ને ભાલમાં.

પ્ર. ૯૩) ખેડા જિલ્લો, પંચમહાલ જિલ્લો ને નવસારી પ્રાંત કયા પાકને માટે પ્રખ્યાત છે?

જ. ૯૩) ખેડા જિલ્લો—તમાકુ માટે, પંચમહાલ જિલ્લો—મકાઇ માટે અને નવસારી-શેરડીને માટે.

પ્ર. ૯૪) ભરૂચ જિલ્લામાં કયો પાક સારો થાય છે? જ. કપાસનો.

પ્ર. ૯૫) તલીબીઆં કયાં થાય છે?

જ. ૯૫) સાબરમતીની ઉત્તરના ભાગમાં તથા કાઠિઆવાડમાં.

પ્ર. ૯૬) ગુજરાતમાંથી કયો કયો માલ બહારગામ જાય છે?

જ. ૯૬) રૂ, સૂતર, સુતરાઉ ને રેશમી કાપડ, કીનખાબ, તેલીબીઆં, ચામડાં, શણુ ને અનાજ.

પ્ર. ૯૭) ગુજરાતમાં કયો કયો માલ આવે છે?

જ. ૯૭) સોનું, રૂપું, લોઢાનો સામાન, સાંચાકામ, વિલાયતી કાપડ, ખાંડ, કાચ, કેરોસીન, રંગ, દવા, દારૂ, કોયલા ને ફરનીચર.

પ્ર. ૯૮) વેપારનાં સાધનો ગણાવો.

જ. ૯૮) (૧) રેલવે માર્ગ. (૨) પકી કે કાચી સડકનો માર્ગ.
(૩) દરીઆ કે નદીનો માર્ગ. (૪) પોસ્ટ. (૫) તાર.

સ. ૯૯) ગુજરાતમાં કઈ કઈ મોટી રેલવે છે?

જ. ૯૯) (૧) બી બી. એન્ડ સી આઇ રેલવે. (૨) રજપુતાના માળવા રેલવે. (૩) ભાવનગર ગોંડળ રેલવે.

સ. ૧૦૦) બીજી નાની રેલવે ગણાવો.

જ. ૧૦૦) ટાપ્ટી વ્હેલી રેલવે, કાસા આંબા રેલવે, કોસંબા ઝંખવાવ રેલવે, રાજપીપળા સ્ટેટ રેલવે ભરૂચ જંબુસર રેલવે, ડભોઇ રેલવે, આનંદ ખંભાત રેલવે, નડિઆદ કપડવંજ રેલવે, આનંદ ગોધરા રેલવે, વડોદરા ગોધરા રેલવે, ગોધરા રતલામ રેલવે, અમદાવાદ પ્રાંતીજ રેલવે, અમદાવાદ ધોળકા રેલવે.

સ. ૧૦૧) ગુજરાતમાં આવેલાં મુખ્ય જંકશન ગણાવો.

જ. ૧૦૧) સુરત, બીલીમોરા, કોસંબા, અંકલેશ્વર, ભરૂચ, મીઆગામ, વડોદરા, વિશ્વામિત્રી, આણંદ, નડિઆદ, અમદાવાદ, મેસાણા, પાલણપુર, વીરમગામ.

સ. ૧૦૨) કાઠિઆવાડમાં આવેલી મુખ્ય રેલવે ગણાવો.

જ. ૧૦૨) (૧) ભાવનગર, ગોંડળ, જુનાગઢ, પોરબંદર રેલવે.
(૨) મોરબી રેલવે. (૩) રાજકોટ જામનગર રેલવે.
(૪) બી. બી એન્ડ સી. આઇ રેલવે.

સ. ૧૦૩) કાઠિઆવાડમાં આવેલાં મુખ્ય જંકશન લખો.

જ. ૧૦૩) વઢવાણ, ધોળા, ભાવનગર, જેતલસર, રાજકોટ, વાંકાનેર.

સ. ૧૦૪) ગુજરાતમાં આવેલાં મુખ્ય બંદરો અનુક્રમે ગણાવો.

જ. ૧૦૪) વલસાડ. સુરત. ભરૂચ, ખંભાત, ભાવનગર, ઘોઘા, જાફરાબાદ, દીવ, વેરાવળ, માંગરોળ, નવીબંદર, પોરબંદર, દ્વારકા, નવાનગર.

સ. ૧૦૫) ગુજરાતમાં કેટલી તરેહનાં રાજ્યો છે અને તે કયા કયા?

જ. ૧૦૫) ચાર (૧) અંગ્રેજી ખાલસા મુલક. (૨) મુંબઇના ગવર્નર સાહેબની દેખરેખ નીચેનાં રાજ્યો. (૩) હિંદુસ્તાનની વડી સરકારની દેખરેખ નીચેનાં રાજ્યો. [વડોદરાનું રાજ્ય અને પશ્ચિમ હિંદુસ્તાનનાં રાજ્યો (કાઠિઆવાડ ને પાલણપુર)] (૪) પરદેશી સ્વતંત્ર રાજ્ય. (પોર્ટુગીઝનું રાજ્ય)

સ. ૧૦૬) તમારા તાલુકાના મુખ્ય અમલદારો ગણાવો.

જ. ૧૦૬) મામલતદાર, મુન્સફ, પોલીસ સબ ઇન્સ્પેકટર, હોસ્પિટાલ આસિસ્ટંટ, ઓવરસિઅર, આસિસ્ટંટ ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેકટર.

સ. ૧૦૭) ગુજરાતની છેક દક્ષિણમાં જે જિલ્લો છે તેની જમીન તથા હવા વિષે શું જાણો છો

જ. ૧૦૭) સુરત જિલ્લાની જમીન રસાળ છે ને હવા તંદુરસ્ત છે.

સ. ૧૦૮) સુરત જિલ્લાના તાલુકા ગણાવો.

જ. ૧૦૮) ૧. ચોર્યાસી, ૨. ઓરપાડ, ૩. માંડવી, ૪. બારડોલી, ૫. જલાલપોર, ૬. ચીખલી, ૭. વલસાડ, ૮. પારડી એ તાલુકા ને વલોડ પેટામહાલ છે.

સ. ૧૦૯) સુરત જિલ્લામાં મોટી નદી કઇ છે? જ. તાપી.

સ. ૧૧૦) સુરત જિલ્લામાં આવેલાં પ્રખ્યાત સ્થળો ગણાવો, અને શાને માટે પ્રખ્યાત છે તે કહો.

જ. ૧૧૦) **સુરત**–તાપી નદીપર જિલ્લાનું મુખ્ય શહેર તથા બીજા નંબરનું બંદર છે, કસબ ને રેશમનો વણાટ, હાથીદાંત ને સુખડનું કોતરકામ તથા જમણને માટે પ્રખ્યાત છે. **વલસાડ**–ઔરંગા નદીપર બંદર છે, એ બંદરેથી અનાજ,

ઇમારતી અને બાત્રળનાં લાકડાં, ગોળ અને ઇંટ બહારગામ જાય છે. **તીથલ**-વલસાડ પાસે હવા ખાવાનું સ્થળ છે. **કુમસ, ભીમપોર**-ચોર્યાસી તાલુકામાં સચીનના નવાબનાં ગામો છે. એ બને હવા ખાવાનાં સ્થળ છે. **બહુધાન**-તાપી નદી કાંઠે જાત્રાનું સ્થળ છે. અહીં બાર વરસે જાત્રા ભરાય છે. **ઉદવાડા**-પારસીઓનું જાત્રાનું સ્થળ છે. **હજીરો**—તાપી નદીના મુખપર હવાખાવાનું સ્થળ છે. અહીં દીવાદાંડી છે. **કુંતા**—પારડી તાલુકામાં જાત્રાનું સ્થળ છે.

સ. ૧૧૧) સુરત જિલ્લાના કલેકટર સાહેબના તાબામાં કઇ એજન્સિ છે ને તેમાં ક્યાં ક્યાં સંસ્થાનો છે ?

જ. ૧૧૧) સુરત એજન્સિ. એમાં (૧) સચીન. (૨) વાંસદા (૩) ધરમપુર. ને (૪) ડાંગ.

સ. ૧૧૨) સુરત એજન્સિની મુખ્ય પેદાશ ગણાવો.

જ. ૧૧૨) જુદી જુદી જાતનું ધાન્ય ને ઇમારતી લાકડું.

સ. ૧૧૩) સુરત એજન્સિમાં મુસલમાનનું સંસ્થાન કયું છે? જ સચીનનું.

સ. ૧૧૪) સુરત જિલ્લાની ઉત્તરમાં કયો જિલ્લો છે ને તેમાં કયા કયા તાલુકા છે ?

જ. ૧૧૪) ભરૂચ. (૧) અંકલેશ્વર. (૨) ભરૂચ. (૩) વાગરા. (૪) આમોદ. (૫) જંબુસર એ તાલુકા ને હાંસોટ પેટમહાલ છે.

સ. ૧૧૫) ભરૂચ જિલ્લામાં મોટી નદી કઇ છે? જ. નર્મદા, (રેવા)

સ. ૧૧૬) ભરૂચ જિલ્લાનાં પ્રખ્યાત સ્થળો કહો.

જ. ૧૧૬) **ભરૂચ**—નર્મદા નદીપર જિલ્લાનું મુખ્ય શહેર, બંદર તથા રૂના વેપારનું મથક છે. અહીંનો સુંદરપાક વખણાય છે.

આમોદ—તાલુકાનું મુખ્ય ગામ છે. અહીંની છરીઓ વખણાય છે. **શુકલતીર્થ**—નર્મદા કિનારે જાત્રાનું સ્થળ છે, એની પાસે **કબીરવડ**—નામનો મોટો વડ છે. **અંકલેશ્વર**—તાલુકાનું મુખ્ય ગામ તથા રેલવે જંકશન છે. અહીંથી નાંદોદ જવાય છે. **જંબુસર**—તાલુકાનું મુખ્ય ગામ છે. ભરૂચથી જંબુસર અને જંબુસરથી વિશ્વામિત્રી નાના માપની રેલવે છે. **ભાડભુત**—નર્મદાને કાંઠે જાત્રાનું ઠેકાણું છે. ભાડભૂતેશ્વર મહાદેવ પરથી ગામનું નામ પડ્યું છે. જ્યારે અધિક ભાદરવો મહીનો આવે છે ત્યારે અહીં મોટી જાત્રા ભરાય છે. **પાલેજ**—રેલવે સ્ટેશન છે અહીં કપાસ લોઢવાનાં કારખાનાં છે. **કાવી**—ખંભાતના અખાત પર નાનું બંદર છે. અહીં સાસુ વહુનાં દહેરાં જોવા લાયક છે.

સ. ૧૧૭) ભરૂચ જિલ્લો કયા પાકને માટે વખણાય છે ને તે પાક કયા ભાગમાં થાય છે?

જ. ૧૧૭) કપાસ. ભરૂચ જિલ્લાના પૂર્વ ભાગમાં (કાનમમાં)

સ. ૧૧૮) ખેડા જિલ્લાના તાલુકા તથા મુખ્ય નદી ગણાવો.

જ. ૧૧૮) **તાલુકા**–(૧) કપડવંજ, (૨) ઠાસરા, (૩) નડિઆદ, (૪) મહેમદાવાદ, (૫) માતર. (૬) આણંદ, (૭) બોરસદ. **નદી**-મહી ને સાબરમતી.

સ. ૧૧૯) ખેડા જિલ્લો કયા પાકને માટે વખણાય છે? **જ.** તમાકુ.

સ. ૧૨૦) ખેડા જિલ્લાનો કયો ભાગ વધારે રસાળ છે?

જ. ૧૨૦) મધ્યભાગ [ચરોતર.]

સ. ૧૨૧) ગુજરાતમાં ઘાડી વસ્તીવાળો કયો જિલ્લો છે અને વસ્તી વધારે હોવાનું કારણ કહો.

જ. ૧૨૧) ખેડા જિલ્લો. જમીન રસાળ છે તેથી વસ્તી વધારે છે.

સ. ૧૨૨) ખેડા જિલ્લાના પ્રખ્યાત સ્થળો ગણાવો.

જ. ૧૨૨) **નડિઆદ**—જિલ્લાનું મોટું વેપારી મથક છે. **ખેડા**—જિલ્લાનું મુખ્ય શહેર વાત્રક ને શેઢીના સંગમ પર છે. **કપડવંજ**—મોહર નદીપર કાચ ને સાબુને માટે પ્રખ્યાત છે. **ડાકોર**—હિંદુઓનું મોટું જાત્રાનું સ્થળ છે, એમાં રણછોડજીનું દહેરૂં છે. **વડતાલ**—સ્વામીનારાયણનું જાત્રાનું સ્થળ છે. **લસુંદ્રા**—એમાં ઉના પાણીના કુંડ છે. **મહેમદાવાદ**—મહમદ બેગડાએ વસાવ્યું હતું એમાં ભમરીઓ કુવો છે. **આણંદ**—રેલવે જંકશન છે, અહીંથી એક રેલવે ગોધરે ને બીજી ખંભાત જાય છે.

સ. ૧૨૩) ખેડા જિલ્લાના કલેકટરના તાબામાં કયું સંસ્થાન છે અને તેમાં કોનું રાજ્ય છે? જ. ખંભાત એમાં મુસલમાનનું.

સ. ૧૨૪) ખંભાત શું છે? ક્યાં છે? શા માટે પ્રખ્યાત છે?

જ. ૧૨૪) મહી નદી પર શહેર તથા બંદર છે, નવાબની રાજધાનીનું શહેર છે, અહીંની સુત્રફેણી તથા અકીક કામ વખણાય છે.

સ. ૧૨૫) ગુજરાતની છેક પુર્વમાં કયો જિલ્લો છે? જ. પંચમહાલ.

સ. ૧૨૬) પંચમહાલ નામ શાથી પડયું?

જ. ૧૨૬) ગોધરા, કાલોલ, હાલોલ, દાહોદ, ને ઝાલોલ, એ પાંચ મહાલ આવેલા છે તે પરથી.

સ. ૧૨૭) પંચમહાલ જિલ્લાના તાલુકા ગણાવો.

જ. ૧૨૭) ગોધરા, દાહોદ ને કાલોલ એ ત્રણ તાલુકા તથા હાલોલ ને ઝાલોદ એ બે પેટામહાલ છે.

સ. ૧૨૮) પંચમહાલ જિલ્લામાં કયો પાક વધારે થાય છે? જ. મકાઇનો.
સ. ૧૨૯) પંચમહાલ જિલ્લાના પ્રખ્યાત સ્થળો લખો.
જ. ૧૨૯) ગોધરા—જિલ્લાનું મુખ્ય શહેર છે. દાહોદ—અહીં ગુજરાત ને માળવાની હદ મળતી હતી તેથી દોહદ કહેવાતું હતું, અહીં ઔરંગઝેબનો જન્મ થયો હતો. ચાંપાનેર—ચાંપા પ્રધાનના નામ પરથી એ નામ વનરાજે રાખ્યું હતું. હાલ એ ખંડિએર છે.
સ. ૧૩૦) પંચમહાલ જિલ્લામાં કયો ડુંગર છે ને તેનાપર કોનું દહેરૂં છે?
જ. ૧૩૦) પાવાગઢ. કાળકામાતાનું.
સ. ૧૩૧) આ જિલ્લાના કલેકટરના તાબામાં કઇ કઇ એજન્સિઓ છે?
જ. ૧૩૧) રેવાકાંઠા ને પંચમહાલ.
સ. ૧૩૨) રેવાકાંઠા એજન્સિના સંસ્થાન ગણાવો.
જ. ૧૩૨) રાજપીપળા, છોટાઉદેપુર, બારીઆ, લુણાવાડા ને સુંથ એ પાંચ રજપુતનાં અને વાડાસીનોર મુસલમાની સંસ્થાન છે.
સ. ૧૩૩) અમદાવાદ જિલ્લો ગુજરાતની કઇ દિશામાં આવ્યો?
જ. ૧૩૩) ઉત્તરમાં.
સ. ૧૩૪) અમદાવાદ જિલ્લાના તાલુકા લખો.
જ. ૧૩૪) ઉત્તર દસક્રોઇ, દક્ષિણ દસક્રોઇ, વીરમગામ, પ્રાંતીજ, ધોળકા ને ધંધુકા એ છ તાલુકા તથા મોડાસા, સાણંદ ને ઘોઘા એ ત્રણ પેટામહાલ છે.
સ. ૧૩૫) અમદાવાદ જિલ્લામાં મોટી નદી કઇ છે? જ. સાબરમતી.
સ. ૧૩૬) અમદાવાદ જિલ્લાના કયા કયા તાલુકાની હવા ચોમાસામાં બગડે છે?
જ. ૧૩૬) વીરમગામ ને ધોળકા તાલુકાની.

સ. ૧૩૭) અમદાવાદ જિલ્લામાં આવેલાં પ્રખ્યાત સ્થળો ગણાવો.

જ. ૧૩૭) **અમદાવાદ**—સાબરમતી નદીપર ઉત્તર વિભાગનું તથા જિલ્લાનું મુખ્ય શહેર છે. મુસલમાનનું રાજધાનીનું શહેર હતું એ અહમદશાહે વસાવ્યું હતું. રેલવે જંકશન તથા મોટું વેપારી મથક છે. કીનખાબ, રેશમી કાપડ, સુતરાઉ કાપડ ને ધોતીઆંને માટે પ્રખ્યાત છે. અહીંની ખાવાની મરકી વખણાય છે. અહીં કાપડની ૬૦ મીલો છે. **વીરમગામ**—તાલુકાનું મુખ્ય ગામ ને રૂના વેપારનું મથક છે. અહીં મીનળદેવીનું બંધાવેલું મુનસર તળાવ છે. **ખારાઘોડા**—એમાં વરાગડું મીઠું પાકે છે. **ધોળકા**—તાલુકાનું મુખ્ય ગામ સૂંઠ ને દાડમને માટે પ્રખ્યાત છે. એમાં મીનળદેવીનું બંધાવેલું મલાવ તળાવ છે. **ઘોઘા**—દરીઆ કીનારા પર બંદર છે, અહીંની હવા સારી છે. અહીં દીવાદાંડી છે.

સ. ૧૩૮) પાલણપુર એજન્સિ ગુજરાતની કઇ દિશામાં છે?

જ. ૧૩૮) ઉત્તરમાં.

સ. ૧૩૯) પાલણપુર એજન્સિના મુખ્ય સંસ્થાનો ગણાવો.

જ. ૧૩૯) પાલનપુર ને રાધનપુર એ બે મુસલમાની છે, ને વાવ થરાદ વગેરે હિંદુનાં છે.

સ. ૧૪૦) પાલણપુર એજન્સિના પોલિટિકલ એજન્ટનો મુકામ કયાં છે?

જ. ૧૪૦) પાલણપુરમાં.

સ. ૧૪૧) ગુજરાતની ઇશાનમાં કઇ એજન્સિ આવેલી છે? **જ.** મહીકાંઠા

સ. ૧૪૨) મહીકાંઠા એજન્સિની જમીન કેવી છે? **જ.** પહાડી.

સ. ૧૪૩) મહીકાંઠા એજન્સિમાં મોટું રજપુત રાજ્ય કયું છે? **જ.** ઇડર

સ. ૧૪૪) મહીકાંઠા એજન્સિના પોલિટિકલ એજન્ટ ક્યાં રહે છે ?

જ. ૧૪૪) સાદરામાં.

સ. ૧૪૫) ગુજરાતની પશ્ચિમમાં કઇ એજન્સિ આવી ? જ. કાઠિઆવાડ.

સ. ૧૪૬) કાઠિઆવાડના પોલિટિકલ એજન્ટ કોના તાબામાં છે ?

જ. ૧૪૬) વાઇસરોય સાહેબના.

સ. ૧૪૭) કાઠિઆવાડ એજન્સિના કેટલા ને કયા કયા પ્રાંત પાડેલા હતા ને હાલ કયા કયા પ્રાંત પાડયા છે ?

જ. ૧૪૭) ચાર. (૧) ઝાલાવાડ. (૨) ગોહિલવાડ. (૩) સોરઠ. (૪) હાલાર. (૧) પશ્ચિમ કાઠિઆવાડનાં રાજ્યો. (૨) પૂર્વ કાઠિઆવાડનાં રાજ્યો.

સ. ૧૪૮) કાઠિઆવાડના એજન્ટ ટુ ધ ગવર્નર જનરલ સાહેબના હાથ નીચે કેટલા પોલિટિકલ એજંટો છે અને તેમનો મુકામ ક્યાં છે ?

જ. ૧૪૮) ચાર. (૧) ઝાલાવાડ–વઢવાણ. (૨) ગોહેલવાડ–સોનગઢ, (૩) સોરઠ–જેતલસર, (૪) હાલાર–રાજકોટ.

સ. ૧૪૯) કાઠિઆવાડના એજંટ ટુ ધ ગવર્નર જનરલનો મુકામ ક્યાં છે?

જ. ૧૪૯) રાજકોટમાં.

સ. ૧૫૦) ચારે પ્રાંતોમાં આવેલાં મોટાં રાજ્યો ગણાવો.

જ. ૧૫૦) **ઝાલાવાડ**—ધ્રાંગધ્રા, વઢવાણ, લીમડી ને વાંકાનેર.
ગોહિલવાડ—ભાવનગર ને પાલિતાણા.
સોરઠ—જુનાગઢ. પોરબંદર ને જાફરાબાદ.
હાલાર—નવાનગર, મોરબી, ગોંડળ, ધ્રોળ ને રાજકોટ.

સ. ૧૫૧) કાઠિઆવાડ એજન્સિમાં આવેલાં પ્રખ્યાત સ્થળો ગણાવો.

જ. ૧૫૧) **ઝાલાવાડ**—એમાં ધ્રાંગધ્રા–પહેલા વર્ગનું રાજ્ય ફલકું નદીપર આવેલું છે. ત્યાંના પત્થર તથા પત્થરનો સામાન વખણાય છે. **વઢવાણ**—એમાં તાલુકદારી ગરાસીઆ સ્કૂલ

છે. એ રેલવે જંકશન છે અહીંથી એક ગાડી ભાવનગર, બીજી ધ્રાંગધ્રા ને ત્રીજી રાજકોટ જાય છે. અહીંની હવા સૂકી છે તેથી ક્ષયના દરદીને માફક આવે છે. **લીમડી, વાંકાનેર ને લખતર. ગોહિલવાડ**–એમાં **ભાવનગર**–પહેલા વર્ગનું રાજ્ય છે. એ બંદર છે. રૂના વેપારનું મથક છે. **પાલિતાણા**–શેત્રુંજા ડુંગરપર શ્રાવકોનું જાત્રાનું સ્થળ છે.

સોરઠ—એમાં **જુનાગઢ**–પહેલા વર્ગનું મુસલમાની સંસ્થાન છે. એની પાસે **ગીરનાર** હિંદુ અને જૈનનું જાત્રાનું ધામ છે. **સોમનાથ પાટણ (પ્રભાસ પાટણ)**–હિંદુઓનું જાત્રાનું ધામ છે. **પોરબંદર** (સુદામાપુરી)—દરીઆકિનારે બંદર છે, અહીંના પત્થર અમદાવાદ, સુરત ને મુંબઇ જાય છે. **જાફરાબાદ**—મુસલમાની રાજ્ય જંજીરાના નવાબને તાબે છે એ બંદર છે.

હાલાર—એમાં **નવાનગર (જામનગર)**—પહેલા વર્ગનું રજપુત રાજ્ય છે, એની પાસે કચ્છના અખાતમાંથી મોતી નીકળે છે, અહીંના રાજાને જામ કહે છે. એ કંકુ, રેશમી ને કસબના ભરતકામને માટે વખણાય છે. **મોરબી, ગોંડળ**–એમાં ગરાસીઆ માટે સ્કૂલ છે. **વાંકાનેર, ધ્રોળ, ને રાજકોટ**—રાજકોટમાં રાજકુંવર કોલેજ છે. કાઠિઆવાડના એજંટ ટુ ધ ગવર્નર જનરલનું રહેઠાણ છે એમાં લસ્કરની છાવણી છે. એ આજી નદીપર છે.

સ. ૧૫૨) ગાયકવાડી રાજ્યની વસ્તી તથા વિસ્તાર લખો.

જ. ૧૫૨) એકવીસ લાખ માણસની. ૮૧૦૦ ચોરસ માઇલ.

સ. ૧૫૩) ગાયકવાડી રાજ્યના કેટલા પ્રાંતો કરેલા છે અને તે ક્યા ક્યા?

જ. ૧૫૩) ચાર. (૧) નવસારી પ્રાંત. (૨) વડોદરા પ્રાંત. (૩) કડી પ્રાંત. (૪) અમરેલી પ્રાંત.

સ. ૧૫૪) ગાયકવાડ સરકારનું નામ તથા રાજધાનીનું શહેર લખો.

જ. ૧૫૪) મહારાજા સયાજીરાવ. વિશ્વામિત્રી નદીપર વડોદરા.

સ. ૧૫૫) ગાયકવાડી રાજ્યમાં આવેલાં પ્રખ્યાત સ્થળ ગણાવો.

જ. ૧૫૫) **વડોદરા પ્રાંતમાં વડોદરા**—વિશ્વામિત્રી નદીપર ગાયકવાડ સરકારની રાજધાનીનું શહેર તથા રેસિડંટનું રહેઠાણ છે, અહીંના પરવળ, પાન ને ચેવડો વખણાય છે, લક્ષ્મીવિલાસ, નજરબાગ, ન્યાયમંદિર, કૉલેજ, બગીચા ને સંગ્રહસ્થાન જોવા લાયક છે. **ડભોઇ**—રેલવે જંકશન છે. અહીંના કોટનું નકશી કામ જોવા લાયક છે, **ચાંદોદ**—નર્મદા કિનારે જાત્રાનું સ્થળ છે, એ સિવાય **પેટલાદ, પાદરા.**

નવસારી પ્રાંતમાં નવસારી—અહીંનો ગોળ વખણાય છે, પારસીની વસ્તી વધારે છે. **ગણદેવી**—કસ્બો છે અહીંનો ગોળ વખણાય છે. **સોનગઢ**—સ્ટેશન છે. ગાયકવાડની પ્રથમ રાજધાનીનું શહેર છે. એનો કિલ્લો જોવા લાયક છે.

કડી પ્રાંતમાં કડી—બળદ વખણાય છે. **સિદ્ધપુર**—સરસ્વતી નદીપર જાત્રાનું સ્થળ છે. **પાટણ**—ગુજરાતની રાજધાનીનું શહેર હતું. પટોળા ને માટીનાં વાસણ વખણાય છે. **બહુચરાજી**—જાત્રાનું સ્થળ છે. **ઉંઝા**—કડવા કણબીની કુળદેવીનું સ્થાનક છે. **વડનગર, વીસનગર, મેસાણા**—એ રેલવે જંકશન છે.

અમરેલી પ્રાંત—કાઠિઆવાડમાં છે. **અમરેલી**—ચોફાળ વખણાય છે, **દ્વારકા**—ઓખામંડળમાં હિંદુનું મોટું જાત્રાનું સ્થળ તથા બંદર છે.

સ. ૧૫૬) ગાયકવાડી રાજ્યમાં સૌથી વધારે રસાળ કયું પરગણું છે?

જ. ૧૫૬) પેટલાદ.

સ. ૧૫૭) ગુજરાતમાં પોર્ટુગીઝ (ફીરંગી)નું રાજ્ય ક્યાં ક્યાં છે?

જ. ૧૫૭) સુરત જિલ્લાની દક્ષિણે દમણગંગા નદીપર દમણ અને કાઠિઆવાડની દક્ષિણમાં દીવ બેટ.

સ. ૧૫૮) ગુજરાતમાં આવેલાં રૂનાં મથક ગણાવો,

જ. ૧૫૮) સુરત, ભરૂચ, વીરમગામ, ધોળેરા, ભાવનગર ને રાધનપુર.

સ. ૧૫૯) ગુજરાતમાં લશ્કરની છાવણી ક્યાં ક્યાં છે?

જ. ૧૫૯) વડોદરા, અમદાવાદ. ડીસા, વઢવાણ ને રાજકોટ.

સ. ૧૬૦) ગુજરાતમાં ઉનાં પાણીનાં કુંડ ક્યાં ક્યાં છે?

જ. ૧૬૦) ઉનાઈ, તુવા, લસુંદ્રા, ગીરપર્વત મધ્યે તુળશીશ્યામ.

સ. ૧૬૧) ગુજરાતમાં મોટું દેશી રાજ્ય કયું છે? જ. ગાયકવાડ સરકારનું.

પુનરાવર્તન.

સ. ૧) તમે જે જિલ્લામાં રહો છો તેની આયાત તથા નિકાસ લખો.

સ. ૨) ગુજરાત કરતાં કાઠિઆવાડની નદી નાની છે તેનું કારણ શું?

સ. ૩) વીરમગામથી દમણ જતાં ક્યાં ક્યાં મોટાં સ્ટેશનો આવે તે અનુક્રમે લખો.

સ. ૪) તમારા તાલુકાના મુખ્ય અમલદારોનાં નામ તથા કામકાજ લખો.

સ. ૫) ગુજરાતમાં મકાઇ, ડાંગર, કપાસ, તમાકુ, ઘઉં ને તેલીબીઆંનો પાક ક્યાં સારો થાય છે?

સ. ૬) બંદર એટલે શું? ગુજરાતના બંદરો દક્ષિણથી શરૂ કરી અનુક્રમે લખો.

સ. ૭) તમે જે જિલ્લામાં રહો છો તેના તાલુકા, મુખ્ય ગામ તથા જાત્રાનાં સ્થળ લખો.

સ. ૮) કાઠિઆવાડમાં આવેલાં પહેલા વર્ગનાં રાજ્ય ગણાવો.

સ. ૯) તમે જે જિલ્લામાં રહો છો તેમાં થતી ખેતીની ને ખનીજ પેદાશ ગણાવો.

સ. ૧૦) તમારા તાલુકામાં આવેલા રેલવે સ્ટેશન તથા ખેતીની પેદાશ લખો.

સ. ૧૧) તમારા જિલ્લાની મુખ્ય નદીઓ તથા તે પર આવેલાં મોટાં ગામ ગણાવો.

સ. ૧૨) ગુજરાતમાં અંગ્રેજ સરકારના તાબાનો મુલક ગણાવો.

સ. ૧૪) ટેકરો, ટેકરી, ડુંગર, પર્વત, તળેટી, શીખર અને ખીણ એટલે શું?

સ. ૧૫) ભૂશિર, અખાત, ઉપસાગર, દ્વીપકલ્પ, સામુદ્રધુની, સંયોગીભૂમિ, તળાવ અને બેટની વ્યાખ્યા લખો.

સ. ૧૬) પર્વત તથા મેદાનોનો ઉપયોગ લખો.

સ. ૧૭) પર્વતો અને મેદાનો શી રીતે થયા હશે તે સમજાવો.

સ. ૧૮) નદીનું પાણી મીઠું અને સમદ્રનું ખારૂં હોવાનું કારણ લખો.

સ. ૧૯) ગુજરાતમાં મુસલમાની રાજ્ય તથા લશ્કરી છાવણીઓ ક્યાં ક્યાં છે?

સ. ૨૦) ગુજરાતની ચારે દિશામાં આવેલાં જાત્રાનાં ધામ લખો.

સ. ૨૧) નીચેની જગાઓ શું છે? ક્યાં છે? અને શાને માટે પ્રખ્યાત છે તે કહો, તથા નકશામાં બતાવો.

પાલિતાણા, ગોધરા, આણંદ, જાફરાબાદ, દ્વારકા, કુન્તા, વડતાલ, ગીરનાર, સાદરા, રાજકોટ, ડુમસ, ગીર, ભરૂચ, ઘોઘા, ભાવનગર, વઢવાણ, દીવ, જુનાગઢ, સિદ્ધપુર, નર્મદા, વડોદરા, સુરત, નવસારી, ખંભાત, મહી, તીથલ, લસુંદ્રા, પાલણપુર, વીરમગામ, ધંધુકા, અમદાવાદ, ડીસા, ડાકોર, શેત્રુંજો, કપડવંજ, ધોળેરા, તુળશીશ્યામ,

સ. ૨૨) રાજકીય વિભાગ એટલે શું ?

સ. ૨૩) તમે જે પ્રાંતમાં રહો છો તેમાં કયાં દેશી રાજ્યો છે ?

સ. ૨૪) અમદાવાદ, રાજકોટ, ભરૂચ, દમણ, વલસાડ, નવાનગર, ભાવનગર, જુનાગઢ, ગોધરા, વડોદરા, સિદ્ધપુર, નડિઆદ એ સુરતથી કઇ દિશામાં આવેલા છે તથા કેટલે અંતરે છે તે નકશામાં માપીને કહો.

સ. ૨૫) ખેડા જિલ્લાના તાલુકા, ભરૂચ જિલ્લાની નદી, પંચમહાલ જિલ્લાન પર્વત અને કાઠિઆવાડ એજન્સિનાં જાત્રાનાં ઠેકાણાં લખો.

સ. ૨૬) તમારા જિલ્લાની વસ્તી તથા વરસાદ લખો અને તે વધારે અથવા ઓછાં હોવાનાં કારણ સમજાવો.

સ. ૨૭) તમારા જિલ્લાનાં હવા પાણી લખો અને તે સારાં અથવ નઠારાં હોવાનાં કારણ સમજાવો.

સ. ૨૮) ગુજરાતનો બગીચો કયો ?

સ. ૨૯) ગુજરાત કાચું સોનું પાકે એવો પ્રાંત છે એમ કહેવાય છે એમાં તમે શું સમજ્યા ?

સ. ૩૦) ગુજરાતમાં પત્થરની ખાણો કયાં કયાં છે ?

સ. ૩૧) ગુજરાતમાં કઇ કઇ જગા ચમત્કારી છે ?

સ. ૩૨) ગુજરાતમાં સૌથી મોટું દેશી રાજ્ય કયું છે ને ત્યાંના રાજાએ કયા કયા સુધારા કર્યા છે?

સ. ૩૩) કઇ કઇ નદીઓને દરીઆને મળતી નથી?

સ. ૩૪) કાઠિઆવાડમાં રજપુત રાજાઓ સિવાય બીજા કયા કયા લોકનાં રાજ્યો છે?

સ. ૩૫) સુરતથી ચાંદોદ જવું છે તો કયે રસ્તે જવાથી ફાયદો થશે?

સ. ૩૬) ગુજરાતમાં હિંદુ, પારસી અને જૈનનાં જાત્રાનાં સ્થળ લખો.

સ. ૩૭) ગુજરાતમાં અંગ્રેજ સરકારનું રાજ્ય થયા પછી શા શા સુધારા દાખલ થયા છે?

સ. ૩૮) બ્રહ્માનું દહેરૂં ક્યાં છે? હાલના કમિશનર સાહેબનું નામ શું?

સ. ૩૯) નીચેની જગાઓ નકશામાં બતાવો અને નામ પડવાનાં કારણ કહો. અમદાવાદ, મહેમદાવાદ, પંચમહાલ, ગોધરા, દાહોદ, ચાંપાનેર, ભરૂચ, પાલણપુર, ભાડભુત, લુણાવાડા, સુરત, ચાંદોદ, હજીરો, હિંમતનગર, કાઠિઆવાડ, સોરઠ, જામનગર, જાફરાબાદ, જુનાગઢ, શંખોદ્ધાર, ડભોઇ, અણહિલપુર પાટણ ને દીવ.

સ. ૪૦) કાઠિઆવાડ, પાલણપુર, મહીકાંઠા, રેવાકાંઠા, પંચમહાલ ને સુરત એજન્સિના પોલિટિકલ એજંટનું રહેઠાણ ક્યાં છે?

સ. ૪૧) ગુજરાતમાં વસ્તી વધારે છે છતાં મોટાં શહેરો થોડાં હોવાનું કારણ શું?

સ. ૪૨) ગુજરાતમાં પારસીની વસ્તી ક્યાં વધારે છે?

સ. ૪૩) ગુજરાતમાં મોટામાં મોટો જિલ્લો, શહેર, એજન્સિ, પર્વત, નદી, તળાવ ને દેશીરાજ્ય લખો.

નોંધ—ત્રીજી ચોપડીમાંના ભૂગોળવિદ્યાના પાઠોના સવાલ **મેસર્સ. સી. ડી. શાહ એન્ડ કો૦** કૃત ત્રીજીના અર્થમાં જુઓ.

જિલ્લા તથા એજન્સિ માટે ખાસ સવાલ તે તે જિલ્લા તથા એજન્સિના ઉપયોગ માટે

સુરત જિલ્લાના તથા સુરત એજન્સિના સવાલ **સુરત જિલ્લાના 'ભૂગોળ શિક્ષક' માં ૨૪ મે પાને જુઓ.**

પરીક્ષામાં આવેલા પ્રશ્નો.

સુરત એજન્સિ.

સ. ૧) સુરત જિલ્લાની પૂર્વમાં કઇ એજન્સિ આવેલી છે?

સ. ૨) સુરત એજન્સિનાં સંસ્થાન ગણાવો.

સ. ૩) સુરત એજન્સિમાં આવેલી નદીઓ, જાત્રાનાં ઠેકાણાં, હવા ખાવાનાં ઠેકાણાં ને રેલવે લખો.

સ. ૪) સુરત એજન્સિની મુખ્ય પેદાશ તથા નિકાશ લખો.

સ. ૫) નીચેની જગા શું છે? કયાં છે? ને શાને માટે પ્રખ્યાત છે? ડુમસ, ભીમપોર, ઉનાઇ, વાંસદા, ધરમપુર, ડાંગ.

ભરૂચ જિલ્લો.

સ. ૧) ભરૂચ જિલ્લો કઇ કઇ નદીની વચ્ચે આવેલો છે?

સ. ૨) ભરૂચ જિલ્લાના પૂર્વ ભાગનું નામ શું? કાનમ શા માટે પ્રખ્યાત છે?

સ. ૩) ભરૂચ જિલ્લાની સીમા કહો.

સ. ૪) ભરૂચ જિલ્લાની નદીઓ, બેટ, ને બંદરો લખો.

સ. ૫) ભરૂચ જિલ્લાના તાલુકા તેના મોટાં ગામ સાથે લખો.

સ. ૬) ભરૂચ જિલ્લાના જાત્રાનાં ઠેકાણાં તથા રેલવે સ્ટેશન ગણાવો.

સ. ૭) ભરૂચ જિલ્લાની ખેતીની પેદાશ લખો.

સ. ૮) નીચેની જગાઓ શું છે? ક્યાં છે? ને શા માટે પ્રખ્યાત છે!
ભરૂચ, અંકલેશ્વર, શુક્લતીર્થ, તવરા, ભાડભુત, હાંસોટ, આમોદ, ટંકારીઆ, પાલેજ, જંબુસર, વાગરા, કબીરવડ.

ખેડા જિલ્લો.

સ. ૧) ખેડા જિલ્લો કોની કોની વચ્ચે આવ્યો?

સ. ૨) ખેડા જિલ્લાના કયા ભાગને ચરોતર કહે છે?

સ. ૩) ચરોતર વિષે શું જાણો છો?

સ. ૪) ખેડા જિલ્લાની સીમા કહો.

સ. ૫) ખેડા જિલ્લામાં વસ્તી વધારે હોવાનું કારણ સમજાવો.

સ. ૬) ખેડા જિલ્લાની નદીઓ,જાત્રાનાં ઠેકાણાં તથા રેલવે સ્ટેશન ગણાવો.

સ. ૭) ખેડા જિલ્લામાં કઇ રેલવે આવેલી છે?

સ. ૮) ખેડા જિલ્લામાં કયો કયો પાક વિશેષ થાય છે?

સ. ૯) ખેડા જિલ્લાની ખનીજ પેદાશ લખો.

સ. ૧૦) ખેડા જિલ્લાના તાલુકા તેના મુખ્ય ગામો સાથે લખો.

સ. ૧૧) નીચેની જગાઓ ક્યાં છે? શું છે? ને શાને માટે પ્રખ્યાત છે!
નડિઆદ, ખેડા, કપડવંજ, વડતાલ, મહેમદાવાદ, લસુંદ્રા, આણુંદ, ડાકોર.

ખંભાત સંસ્થાન.

સ. ૧) ખંભાત સંસ્થાનની સીમા કહો.

સ. ૨) ખંભાત સંસ્થાનની નદી, બંદર, રેલવે, તથા સ્ટેશન લખો.

સ. ૩) ખંભાત સંસ્થાનની મુખ્ય પેદાશ તથા નિકાસ લખો.

સ. ૪) ખંભાત સંસ્થાનમાં કોનું રાજય છે?

સ. ૫) ખંભાત શાને માટે પ્રખ્યાત છે? શું છે? ને ક્યાં છે?

પંચમહાલ જિલ્લો.

સ. ૧) પંચમહાલ જિલ્લો નામ પડવાનું કારણ શું ?

સ. ૨) પંચમહાલ જિલ્લાના બે ભાગ શાથી પડયા ?

સ. ૩) પંચમહાલ જિલ્લાની સીમા લખો.

સ. ૪) પંચમહાલ જિલ્લાની નદી, પર્વત, જાત્રાનું ઠેકાણું, હવાખાવાનું ઠેકાણું ને જંકશન લખો.

સ. ૫) પંચમહાલ જિલ્લાની ખેતીની તથા ખનીજ પેદાશ ગણાવો.

સ. ૬) પંચમહાલ જિલ્લાની હવા સારી નથી તેનું કારણ સમજાવો.

સ. ૭) પંચમહાલ જિલ્લાના તાલુકા તેના મોટાં ગામ સાથે લખો.

સ. ૮) પંચમહાલ જિલ્લાના સ્ટેશનો ગણાવો.

સ. ૯) પંચમહાલ જિલ્લામાં કઇ કઇ રેલવે આવેલી છે ?

સ. ૧૦) નીચેની જગાઓ શું છે ? કયાં છે ? ને શાને માટે પ્રખ્યાત છે ? દુવા, ચાંપાનેર, ગોધરા, દાહોદ, પાવાગઢ, હાલોલ.

રેવાકાંઠા એજન્સિ.

સ. ૧) રેવાકાંઠા એજન્સિ નામ પાડવાનું કારણ શું ?

સ. ૨) રેવાકાંઠા એજન્સિની સીમા લખો.

સ. ૩) રેવાકાંઠા એજન્સિના કેટલા ભાગ છે ને તે કયા કયા ?

સ. ૪) રેવાકાંઠા એજન્સિમાં આવેલાં રજપુતનાં સંસ્થાનો તથ મુસલમાની સંસ્થાન લખો

સ. ૫) રેવાકાંઠા એજન્સિના પર્વત, નદી, ધોધ, જાત્રાનાં ઠેકાણાં ને રેલવે લખો.

સ. ૬) રેવાકાંઠા એજન્સિમાંથી કયા કયા ખનીજ પદાર્થ નીકળે છે ?

સ. ૭) રેવાકાંઠા એજન્સિની મુખ્ય પેદાશ તથા નિકાસ લખો.

સ. ૮) નીચેની જગાઓ શું છે? ક્યાં છે? ને શાને માટે પ્રખ્યાત છે? ચાંદોદ, ગુમાનદેવ, વીરપુર, રાજપીપળા, લુણાવાડા, નાંદોદ, વાડાશિનોર.

પંચમહાલ એજન્સિ.

સ. ૧) પંચમહાલ જિલ્લાના અગ્નિખુણામાં કઇ એજન્સિ આવેલી છે?

સ. ૨) પંચમહાલ એજન્સિના મુખ્ય ગામ તથા સ્ટેશન લખો.

સ. ૩) પંચમહાલ એજન્સિની મુખ્ય પેદાશ તથા નિકાસ લખો.

અમદાવાદ જિલ્લો.

સ. ૧) ખેડા જિલ્લાની ઉત્તરમાં તથા પશ્ચિમમાં કયો જિલ્લો છે?

સ. ૨) નળકાંઠો ક્યાં આવ્યો? નળકાંઠામાં કયો પાક વધારે થાય છે? અમદાવાદ જિલ્લાની નિકાસ લખો.

સ. ૩) ભાલ ક્યાં છે? ને તેમાં કયો પાક સારો થાય છે?

સ. ૪) અમદાવાદ જિલ્લાની નદીઓ ગણાવો. કઇ નદીમાંથી નહેર કાઢેલી છે?

સ. ૫) અમદાવાદ જિલ્લાના તળાવ, બંદરો, જાત્રાનાં ઠેકાણાં તથા રેલવે જંકશન લખો.

સ. ૬) અમદાવાદ જિલ્લામાં કઇ કઇ રેલવે આવેલી છે?

સ. ૭) અમદાવાદ જિલ્લાના તાલુકા તેના મોટાં ગામ સાથે લખો.

સ. ૮) સાત નદીના સંગમપર કયું જાત્રાનું સ્થળ આવેલું છે?

સ. ૯) અમદાવાદ જિલ્લામાં આવેલી બી. બી. એન્ડ સી. આઇ. રેલવેનાં સ્ટેશનો અનુક્રમે ગણાવો.

સ. ૧૦) અમદાવાદ જિલ્લાની ખેતીની તથા ખનીજ પેદાશ ગણાવો.

સ. ૧૧) નીચેની જગાઓ શું છે? કયાં છે? ને શાને માટે પ્રખ્યાત છે? અમદાવાદ, ધોલેરા, ખારાઘોડા, વૈઠા, વીરમગામ, ઘોઘા, ધોળકા, કાસીંદ્રા.

પાલણપુર એજન્સિ.

સ. ૧) પાલણપુર એજન્સિની સીમા લખો.

સ. ૨) પાલણપુર એજન્સિના પર્વત, નદીઓ, રેલવે જંકશન, સ્ટેશન તથા રૂના વેપારમાં મથક ગણાવો.

સ. ૩) પાલણપુર એજન્સિના સંસ્થાન તેના મોટાં ગામો સાથે ગણાવો.

સ. ૪) પાલણપુર એજન્સિમાં કયા કયા લોકનાં સસ્થાનો છે?

સ. ૫) પાલણપુર એજન્સિની નિકાસ તથા આયાત લખો.

સ. ૬) પાલણપુર એજન્સિની ખેતીની તથા ખનીજ પેદાશ ગણાવો.

સ. ૭) આ એજન્સિમાં સૌથી મોટું રાજ્ય કયું છે?

સ. ૮) નીચેની જગાઓ કયાં છે? ને શાને માટે પ્રખ્યાત છે? પાલણપુર, રાધનપુર, બનારસ, વરાઇ.

મહીકાંઠા એજન્સિ.

સ. ૧) મહીકાંઠા એજન્સિ નામ પડવાનું કારણ લખો. હાલ આ એજન્સિમાં મહી નદી છે કે નહિ?

સ. ૨) મહીકાંઠા એજન્સિનાં ગામો કયા કયા જિલ્લા સાથે ભેળસેળ છે?

સ. ૩) મહીકાંઠા એજન્સિની સીમા લખો.

સ. ૪) મહીકાંઠા એજન્સિના પર્વત, નદીઓ, સ્ટેશન, જાત્રાનાં ઠેકાણાં લખો.

સ. ૫) મહીકાંઠા એજન્સિના પરગણાં તથા તેમાં આવેલાં સંસ્થાનો ગણાવો.

સ. ૬) મહીકાંઠા એજન્સિની નિકાસ, આયાત, ખેતીની તથા ખનીજ પેદાશ ગણાવો.

સ. ૭) નીચેની જગાઓ શું છે? ક્યાં છે? ને શાને માટે પ્રખ્યાત છે? હિંમતનગર (અમનગર), દાંતા, અરપોદ્રા, તરીંગા, અંબાજી, બહુચરાજી, ખેડબ્રહ્મા, સાદરા, ઇડર.

સ. ૮) આ એજન્સિમાં કયા લોકની વસ્તી વધારે છે?

કાઠિઆવાડ એજન્સિ.

સ. ૧) કાઠિઆવાડ નામ પડવાનું કારણ શું? કાઠિઆવાડની સીમા લખો.

સ. ૨) કાઠિઆવાડનો વિસ્તાર, વસ્તી, તથા જાત્રાનાં ઠેકાણાં લખો.

સ. ૩) કાઠિઆવાડનો વચલો ભાગ ઉંચાણ છે ને ચારે બાજુનો ઢાળ પડતો નિચાણ છે એ તમે શા આધારે કહો છો.

સ. ૪) કાઠિઆવાડની નદીઓ લખો અને તે કયાંથી નીકળી કોને મળે છે તથા તેના પર મોટાં ગામો ક્યાં છે તે લખો.

સ. ૫) કાઠિઆવાડની અરબી સમુદ્રને, ખંભાતના અખાતને અને કચ્છના રણને મળનારી નદીઓ લખો.

સ. ૬) રણકાંઠો, પાંચાળ, ભાલ, ખારપાટ, વાલાક, નાઘેર, ઘેર કે ઘેડ અને બરાડી ભાગ ક્યાં આવ્યો? અને તેની ભૂતળ રચના વિષે શું જાણો છો?

સ. ૭) કાઠિઆવાડના લોકોનો મુખ્ય વેપાર તથા ઉદ્યોગ ગણાવો.

સ. ૮) કાઠિઆવાડમાં આવેલી રેલવે લખો.

સ. ૯) કાઠિઆવાડના બંદરો અનુક્રમે લખો.

સ. ૧૦) કાઠિઆવાડમાં પોલિટિકલ એજંટ ક્યારથી નીમવામાં આવ્યા? પોલિટિકલ એજંટ સાહેબ હાલમાં શું કહેવાય છે?

સ. ૧૧) કાઠિઆવાડમાં આવેલાં પહેલા વર્ગના તથા બીજા વર્ગનાં સંસ્થાન લખો.

સ. ૧૨) કાઠિઆવાડના કેટલા પ્રાંત કરેલા છે ને તે કયા કયા? તથા એ પ્રાંતોમાં પોલિટિકલ એજંટની કચેરી કયાં કયાં છે?

સ. ૧૩) જ્યુડિશિયલ પોલિટિકલ એજંટ, પોલીસ સુપરિન્ટેન્ડન્ટ, ફોજદાર, પોલિસ પટેલ, એજન્સિ ઇજનેર અને એજ્યુકેશનલ ઓફીસરનાં નામ લખો.

સ. ૧૪) કાઠિઆવાડના રાજકીય વિભાગો કેટલા પડી શકે અને તે કયા કયા?

સ. ૧૫) ઝાલાવાડ પ્રાંત કયાં આવ્યો? એનો વિસ્તાર તથા વસ્તી અને પર્વતો લખો.

સ. ૧૬) ઝાલાવાડ પ્રાંતના પહેલા, બીજા અને ત્રીજા વર્ગના સંસ્થાનો ગણાવો.

સ. ૧૭) નીચેની જગાઓ શું છે? કયાં છે? ને શાને માટે પ્રખ્યાત છે? ધ્રાંગધ્રા, વાંકાનેર, લીંબડી, વઢવાણ, લખતર, સાયલા, ચુડા, મૂળી, બજાણા, ઝીંઝુવાડા.

સ. ૧૯) ઝાલાવાડ પ્રાંતની પેદાશ તથા જાત્રાનું ઠેકાણું લખો.

સ. ૨૦) ઝાલાવાડ નામ પડવાનું કારણ લખો તથા એમાં કયા કયા કુદરતી વિભાગ આવ્યા છે તે પણ લખો. આ પ્રાંતના પોલિટિકલ એજંટ સાહેબની કચેરી કયાં છે?

સ. ૨૧) હાલાર પ્રાંત કયાં આવ્યો? એનું ક્ષેત્રફળ, વસ્તી ને પર્વતો લખો.

સ. ૨૨) હાલાર પ્રાંતમાં કઇ કઇ નદીઓ આવેલી છે? એ નદીઓ કયાંથી નીકળી કોને મળે છે તથા એના પર મોટાં ગામ કયાં છે તે લખો.

સ. ૨૩) હાલાર પ્રાંતના પહેલા અને બીજા વર્ગનાં સંસ્થાન ગણાવો.

સ. ૨૪) નીચેની જગાઓ શું છે? ક્યાં છે? ને શાને માટે પ્રખ્યાત છે? નવાનગર (જામનગર), ખંભાળીઆ, સલાયા, જોડીઆ, બાલાચડી, ગોંડળ, ધોરાજી, ભાયાવદર, મોરબી, વવાણીઆ, રાજકોટ, ધ્રોળ.

સ. ૨૫) હાલાર પ્રાંત નામ પડવાનું કારણ સમજાવો. એમાં ક્યા ક્યા કુદરતી વિભાગ આવેલા છે? ભાદરકાંઠો ક્યાં આવ્યો? આ પ્રાંતના પોલિટિકલ એજંટ સાહેબની કચેરી ક્યાં છે?

સ. ૨૬) હાલાર પ્રાંતની પેદાશ તથા હવા ખાવાનું સ્થળ લખો.

સ. ૨૭) સોરઠ પ્રાંત ક્યાં આવ્યો? એનું ક્ષેત્રફળ તથા વસ્તી લખો.

સ. ૨૮) સોરઠમાં ક્યા ક્યા પર્વતો છે? ગીરપર્વત વિષે શું જાણવા જેવું છે?

સ. ૨૯) સોરઠ પ્રાંતમાં આવેલી નદીઓ ક્યાંથી નીકળી કોને મળે છે? તથા એનાપર મોટાં ગામ ક્યાં ક્યાં છે તે લખો.

સ. ૩૦) સોરઠ પ્રાંતમાંના પહેલા, ત્રીજા ને ચોથા વર્ગના સંસ્થાન ગણાવો.

સ. ૩૧) નીચેની જગાઓ શું છે? ક્યાં છે? ને શાને માટે પ્રખ્યાત છે? જુનાગઢ, વેરાવળ, માંગરોળ, કુતિઆણા, વંથળી, ઊના, પોરબંદર, નવીબંદર, જાફરાબાદ, બાંટવા, જેતપુર, બગસરા, પ્રભાસપાટણ.

સ. ૩૨) સોરઠ પ્રાંતમાં મુસલમાની રાજ્ય કયું છે?

સ. ૩૩) સોરઠ પ્રાંતનું અસલ નામ શું હતું? એમાં કુદરતી વિભાગો કયા ક્યાં આવ્યા છે? સોરઠ નામ પાડવાનું કારણ શું? ગીરનારમાં કઇ કઇ પેદાશ થાય છે?

સ. ૩૪) સોરઠ પ્રાંતની પેદાશ લખો. આ પ્રાંતના પોલિટિકલ એજંટ સાહેબની કચેરી કયાં છે ?

સ. ૩૫) ગોહિલવાડ પ્રાંત કયાં આવ્યો ? એની દક્ષિણે તથા પૂર્વે શું આવ્યું ? એનું ક્ષેત્રફળ તથા વસ્તી લખો.

સ. ૩૬) ગોહિલવાડમાં કયા કયા પર્વતો આવેલા છે ?

સ. ૩૭) ગોહિલવાડ પ્રાંતમાં પહેલા, બીજા ને ત્રીજા વર્ગના સંસ્થાન ગણાવો.

સ. ૩૮) નીચેની જગાઓ શું છે ? કયાં છે ? ને શાને માટે પ્રખ્યાત છે ? ભાવનગર, શીહોર, મહુવા, કુંડલા, ગઢડા, પાલિતાણા, વળા અને જસદણ.

સ. ૩૯) ગોહિલવાડ પ્રાંતની પેદાશ તથા જાત્રાનું ઠેકાણું લખો.

સ. ૪૦) ગોહિલવાડ નામ પડવાનું કારણ સમજાવો. આ પ્રાંતમાં કયા કયા કુદરતી વિભાગો આવેલા છે ? પોલિટિકલ એજંટ સાહેબની કચેરી કયાં છે ?

સ. ૪૧) અમરેલી પ્રાંતમાં કોનું રાજ્ય છે? એનો વિસ્તાર તથા વસ્તી લખો.

સ. ૪૨) અમરેલી પ્રાંતના મહાલો લખો.

સ. ૪૩) અમરેલી પ્રાંતમાં આવેલી નદી લખો તથા એ નદીઓ કયાંથી નીકળી કોને મળે છે, અને તેનાપર મોટાં ગામ કયાં કયાં છે ?

સ. ૪૪) નીચેની જગાઓ શું છે ? કયાં છે ? ને શાને માટે પ્રખ્યાત છે ? અમરેલી, ધારી, કોડીનાર, દામનગર, દ્વારકા, શંખોદ્ધાર,

સ. ૪૫) અમરેલી પ્રાંતની મુખ્ય પેદાશ તથા જાત્રાનું ઠેકાણું લખો.

સ. ૪૬) દીવ નામ પડવાનું કારણ શું ? એ બેટ કયાં આવ્યો ? એમાં કોનું રાજ્ય છે ? એની લંબાઈ પહોળાઈ લખો.

સ. ૪૭) દીવ બેટ શાને માટે પ્રખ્યાત છે ?

સ. ૪૮) કાઠિઆવાડ એજન્સિની સીમા કહો.

સ. ૪૯) કાઠિઆવાડમાં મુખ્ય વસ્તી કયા કયા લોકની છે? અને કુલ વસ્તી તથા વિસ્તાર કેટલો છે?

સ. ૫૦) કાઠિઆવાડમાં આવેલાં જાત્રાનાં ઠેકાણાં, હવા ખાવાનાં સ્થળો, ભૂશિર તથા બેટ લખો.

સ. ૫૧) કાઠિઆવાડમાં આવેલા જંકશનો ગણાવો.

સ. ૫૨) કાઠિઆવાડમાં રજપૂત સિવાય બીજા કયા કયા લોકનાં રાજ્યો છે?

સ. ૫૩) કાઠિઆવાડની ખેતીની તથા ખનીજ પેદાશ લખો.

સ. ૫૪) કાઠિઆવાડની નિકાસ તથા આયાત લખો.

સ. ૫૫) નીચેની જગાઓ શું છે? કયાં છે? ને શાને માટે પ્રખ્યાત છે? ધ્રાંગધ્રા, વાંકાનેર, રાજકોટ, પોરબંદર, જુનાગઢ, ગીર, ભાવનગર, વઢવાણ, મોરબી, જામનગર, પોરબંદર, અમરેલી, શીહોર, વંથળી, કુંડલા, ચુડા, તુળશીશ્યામ, દાતાર, પીરમ, ગોપનાથ, બાલાચડી, વવાણીઆ, ગઢડા, દ્વારકા, ધારી.

સ. ૫૬) કાઠિઆવાડની નદી નાની હોવાનાં કારણ લખો.

સ. ૫૭) કાઠિઆવાડનો કયો કયો ભાગ વધારે રસાળ છે?

ગાયકવાડી રાજ્ય.

સ. ૧) ગુજરાત પ્રાંતમાં સૌથી મોટું દેશી રાજ્ય કયું છે?

સ. ૨) અંગ્રેજ સરકાર તરફથી ગાયકવાડ સરકારના રાજ્યમાં કોણ રહેછે?

સ. ૩) અંગ્રેજી રાજ્યના અમલદારોના હોદ્દાની સાથે ગાયકવાડી રાજ્યોના અમલદારના હોદ્દા ગણાવો.

સૂચના—ગાયકવાડ સરકારનો પ્રાંત તે અંગ્રેજ સરકારનો જિલ્લો ગાયકવાડ સરકારનો વિભાગ તે અંગ્રેજ સરકારનો પ્રાંત.

સ. ૪) ગાયકવાડ સરકારને કઇ કઇ એજન્સિના રાજાઓ ખંડણી આપે છે?

સ. ૫) ગાયકવાડ સરકારને ખંડણી કોણ વસુલ કરી આપે છે?

સ. ૬) ગાયકવાડી રાજ્યના પ્રાંત (જિલ્લા) તથા પેટામહાલ ગણાવો.

સ. ૭) પ્રાંતના ઉપરીને શું કહે છે? તેના ઉપરીને શું કહે છે, ને તેના ઉપરીને શું કહે છે?

સ. ૮) ગાયકવાડી રાજ્યમાં કેટલા માણસની વસ્તી છે?

સ. ૯) ગાયકવાડી રાજ્યની નદીઓ તથા પેદાશ લખો.

સ. ૧૦ નવસારી પ્રાંત, વડોદરા પ્રાંત, કડી પ્રાંત, ને અમરેલી પ્રાંત ક્યાં આવ્યો.

સ. ૧૧) એ ચારે પ્રાંતોમાં આવેલા તાલુકા (મહાલ) ગણાવો.

સ. ૧૨) ગાયકવાડી રાજ્યમાં આવેલાં મોટાં ગામો પ્રખ્યાતિ સાથે લખો.

સ. ૧૩) ગાયકવાડી રાજ્યોમાં કયો મહાલ સૌથી વધારે રસાળ છે?

સ. ૧૪) ગાયકવાડી રાજ્યનાં જાત્રાનાં ઠેકાણાં, બેટ ને જંકશન લખો.

સ. ૧૫) ગાયકવાડી રાજ્યમાં હિંદુનાં તથા મુસલમાનનાં પવિત્ર ધામ લખો.

સ. ૧૬) નીચેની જગાઓ શું છે? ક્યાં છે? અને શાને માટે પ્રખ્યાત છે:
વડોદરા, પાટણ. નવસારી, વીસનગર, સિદ્ધપુર, ડભોઈ, પેટલાદ, વડનગર, સોનગઢ, ઉંઝા, મહેસાણા, ચાંદોદ, દ્વારકા.

સ. ૧૭) ગાયકવાડી રાજ્યમાં રૂ ક્યાં ક્યાં થાય છે?

સ. ૧૮) હાલના ગાયકવાડ સરકારનું નામ શું? એમની રાજધાનીનું શહેર કયું છે? તથા એમણે કયા કયા સુધારા દાખલ કર્યા તે લખો.

પોર્ટુગીઝના સંસ્થાન.

સ. ૧) દીવ ને દમણ ક્યાં છે તથા એમાં કોનું રાજ્ય છે?

સ. ૨) પોર્ટુગીઝ [ફીરંગી]ના સંસ્થાનની મુખ્ય પેદાશ ગણાવો.

સ. ૩) દીવ ને દમણ શા માટે પ્રખ્યાત છે?

→ સમાપ્ત. ←

મુખગણિતની ચોપડી ખરીદતાં પહેલાં દેશીરાજ્યોમાં ટેક્સ્ટ બુક્સ, ઈનામ અને લાયબ્રેરી માટે મંજુર થએલા અને કેળવણી ખાતાના અધિકારી સાહેબો તેમજ વિદ્વાન સદ્‌ગૃહસ્થોના ઉત્તમ સર્ટિફિકેટ પામેલા.

છગનલાલ મોતીરામ શાહ કૃત.

"મુખગણિત શિક્ષક" માટે

મળેલા અભિપ્રાયોનો ટુંકસાર વાંચો.

(૧) "વિદ્યાર્થીઓ, તેમના વાલીઓ અને શિક્ષકોને ઉપયોગી છે"

(૨) "જ્યાં જોઈએ ત્યાં દાખલાઓમાં ગુણોત્તરોનો ઉપયોગ તદ્દન સરળ રીતે કરી બતાવ્યો છે."

(૩) "આનો ઉપયોગ કરવાથી વિદ્યાર્થીઓની સમજ-શક્તિ તેમજ સ્મરણશક્તિ સારી રીતે કેળવાશે તેની સાથે અંકગણિતના વિશાળ વિષયમાં પણ તેમને તે બહુ મદદરૂપ થઇ પડશે."

(૪) " નાના વિદ્યાર્થીઓને તેમજ શિક્ષકોને ઘણીજ ઉપયોગી તથા મદદગાર થઇ પડશે તે સાથે ધંધાદારીઓને પણ ઘણીજ ઉપયોગી થઇ પડે તેવી છે."

(૫) "વિષય સમજાવવાની રીત સારી છે."

(૬) "વિષય સંપૂર્ણ રીતે ચર્ચવામાં આવ્યો છે."

(૭) "મુખગણિતના વિષયનું શિક્ષણ સરળતાથી આપવાના ઉચ્ચ હેતુને લક્ષમાં રાખીને આ પુસ્તકો લખ્યાં છે."

(૮) "બીજા પુસ્તકો કરતાં સરળ છે."

(૯) "બીજાં એવાં મુખગણિતની ચોપડીઓ કરતાં કાંઇક નવીનતા પણ દાખલ થએલી જણાય છે."

(૧૦) "ગહન વિષયને સરળ સાદી ભાષામાં યોગ્ય સમજુતી આપી સહેલો કર્યો છે."

(૧૧) "ગુણોત્તરનો નિયમ એમાં સાદી અને સરલ ભાષામાં બાળકો સમજે તેમ તથા પુષ્કળ ઉદાહરણોથી સારી રીતે સમજાવ્યો છે."

(૧૨) "તમામ જાતનાં લેખાં ગણવાની વિદ્યાર્થીઓમાં સ્વતઃ શક્તિ આવે એવો પ્રયાસ કીધો છે."

(૧૩) "ગુણોત્તરનો ક્રમ પણ કુદરતી રીતે આપોઆપ બાળકોના લક્ષમાં આવી જાય તેવો છે."

(૧૪) "તમામ ગુણોત્તરનાં લેખાં ફક્ત ત્રણજ રીતથી ગણી શકાય એવી નવીન સરળ યુક્તિવાળા આ (મુખગણિત શિક્ષક) છે."

(૧૫) "ગુણોત્તરના જથા ઠરાવી કુંચીઓ ઉત્પન્ન કરવાની બહુ સરલતા કરી આપી છે."